| | |
|---|---|
| રજુ થયા તારીખઃ | ૧૩/૦૧/૨૦૨૬ |
| દાખલ થયા તારીખ | ૧૩/૦૧/૨૦૨૬ |
| ફેસલ થયા તારીખ | ૦૭/૦૫/૨૦૨૬ |
| અવધિઃ | વર્ષઃ માસઃ દિવસઃ |

---

**બોટાદના મહે. એડી. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીની અદાલતમાં,**
**મુ.બોટાદ.**

---

ફો.કે.નંબરઃ–૫૩/૨૦૨૬
આંક–

**શ્રી સરકાર**

..... .....ફરીયાદી.

**વિરૂધ્ધ**

(૧) **ભાવેશભાઇ વિરમભાઇ ભુંડીયા,**
ઉ.વ.આ.૨૪, ધંધો–પશુપાલન,

(૨) **ભુરાભાઇ ખેતાભાઇ ભુંડીયા,**
ઉ.વ.આ.૪૮, ધંધો–પશુપાલન,

(૩) **વિરમભાઇ રતાભાઇ ભુંડીયા,**
ઉ.વ.આ.૫૩, ધંધો–પશુપાલન,
રહે.બધા–સમઢીયાળા નં.૧, પ્લોટ વિસ્તાર, તા.જિ.બોટાદ.

.... ....આરોપીઓ.

---

**ગુનોઃ– ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૨૯૬(ખ), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ તથા ગ્રામ પંચાયત ધારાની કલમ–૧૮૩, ૧૮૪ મુજબ.**

---

---

શ્રી સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રી ડો.પી.એન.કાંગ્રીચા.
આરોપી તરફે વિ.વકીલ શ્રી કે.જી.ડાભી

---

## :: ઠ રા વ ::

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના

ફરિયાદીની વાડીના ઉભા કપાસમાં આરોપીઓએ પોતાના માલઢોર ઉભા કપાસમાં મુકી ભેલાણ કરી, આરોપી નં.૧ તથા આરોપી નં.૩ પોતાના હાથમાં કોદાળી તથા આરોપી નં.૨ એ પોતાના હાથમાં લાકડી લઈ આવતા ફરિયાદીએ માલઢોરને પોતાની વાડીમાં નહીં આવવા દેવાનું કહેતા આરોપી નં.૨ એ ફરિયાદીની પત્ની કંચનબેનની હાજરીમાં જેમફાવે તેમ ભુંડાબોલી ગાળો આપી, ફરિયાદી, ફરિયાદીના પત્ની તથા ફરિયાદીના દિકરા પ્રકાશને જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુનામાં એકબીજાને મદદગારી કરી, ફરિયાદીની વાડીના ઉભા કપાસના પાકમાં ૧૫ મણ કપાસનું તેમજ તાર ફેન્સીંગના તાર તોડી નુકસાન કરી, મ્હે.જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબશ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, આરોપીઓએ ગુનો કર્યાની થયેલ ફરીયાદ અનુસંધાને તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ તપાસ કરનાર અધિકારીએ પુરતો પુરાવો જણાતાં, હાલના ગુનાનું ચાર્જશીટ અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આ કામે આરોપીઓને સમન્સ કરતાં, આરોપીઓ હાજર થયેલ અને તેમને પોલીસ પેપર્સના કાગળો મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આંક–૦૪ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી, આરોપીઓની આંક–૦૫ થી આંક–૦૭ હેઠળ પ્લી વાંચી સંભળાવી, સમજાવી, નોંધતાં, આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં, આરોપીઓ સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ઉપરોક્ત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**<u>ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો</u>**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૯ | ફરિયાદી હંસરાજભાઈ દેવજીભાઈ ઠોળીયાની જુબાની |
| ૨ | ૧૧ | સાહેદ કંચનબેન હંસરાજભાઈ ઠોળીયાની જુબાની. |
| ૩ | ૧૨ | સાહેદ પ્રકાશભાઈ હંસરાજભાઈ ઠોળીયાની જુબાની. |

## ફરીયાદપક્ષનો લૈખિત પુરાવો

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૦ | ફરિયાદની ખરીનકલ. |
| ૨ | ૧૩ | ગુનાવાળી જગ્યાના પંચનામાની ખરીનકલ. |
| ૩ | ૧૪ | શરીરસ્થિતીનું તથા હથિયાર કબજે કર્યા અંગેના પંચનામાની ખરીનકલ. |
| ૪ | ૧૫ | પેનડ્રાઇવ કબજે કર્યાના પંચનામાની ખરીનકલ. |
| ૫ | ૧૬ | હથિયારબંધીના જાહેરનામાની ખરીનકલ. |

(૪) ઉપરોક્ત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા બાદ ફરિયાદપક્ષ તરફે આંક – ૧૭ થી પુરસીસ રજુ કરી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ત્યારબાદ આ કામે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા પુરતો પુરાવો જણાતાં આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ–૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે વિદ્ધાન એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષે તેમના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કેસના આખરી નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદીની વાડીના ઉભા કપાસમાં આરોપીઓએ પોતાના માલઢોર ઉભા કપાસમાં મુકી ભેલાણ કરી, આરોપી નં.૧ તથા આરોપી નં.૩ પોતાના હાથમાં કોદાળી તથા આરોપી નં.૨ એ પોતાના હાથમાં લાકડી લઈ આવતા ફરિયાદીએ માલઢોરને પોતાની વાડીમાં નહીં આવવા દેવાનું કહેતા આરોપી નં.૨ એ ફરિયાદીની પત્ની કંચનબેનની હાજરીમાં જેમફાવે તેમ ભુંડાબોલી ગાળો આપી, ફરિયાદી, ફરિયાદીના પત્ની તથા ફરિયાદીના દિકરા પ્રકાશને જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુનામાં એકબીજાને

મદદગારી કરી, ફરિયાદીની વાડીના ઉભા કપાસના પાકમાં ૧૫ મણ કપાસનું તેમજ તાર ફેન્સીંગના તાર તોડી નુકસાન કરી, મ્હે.જિલ્લા મૅજિસ્ટ્રેટ સાહેબશ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ – ૨૯૬(ખ), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ તથા ગ્રામ પંચાયત ધારાની કલમ-૧૮૩, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨) શું હુકમ?

(૬) ઉપરોક્ત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

૧) નકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોક્ત નિર્ણયો કરવા અંગેના કારણો નીચે મુજબ છે.

***<u>મુદ્દા નં.૧.</u>***

(૮) ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જ્યારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ પર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો આજુબાજુના પરીબળો તે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. ***નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરૂદ્ધ લેખરાજ [૨૦૦૦ સુપ્રિમકોર્ટ કેસીસ ૨૪૭ (ક્રિમીનલ)]*** ના

ચુકાદામાં ઠરાવ્યા મુજબ જ્યારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ, તમામ પરીબળો તેમજ ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમાં વિરોધાભાસ, અતિરેકના કારણે ફરીયાદપક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે ક્યારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી બેસે. નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે ફરીયાદપક્ષ દ્વારા રજુ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઈએ, માત્ર ટેકનિકલ કારણોસર આખોય પુરાવો ડીસ્કાર્ડ કરવો જોઈએ નહી. સાહેદે આપેલી જુબાની કઈ પરિસ્થિતિમાં આપેલ છે, કઈ પરિસ્થિતિમાં બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરીબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઈએ.

(૯) સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું અદાલત માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

(૧૦) ફરીયાદપક્ષે આ કામે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ- ૨૯૬(ખ), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ તથા ગ્રામ પંચાયત ધારાની કલમ-૧૮૩, ૧૮૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ મુકેલ છે. ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષના અગત્યના સાહેદ **નં.૧ ફરીયાદી હંસરાજભાઇ દેવજીભાઇ ઠોળીયાની આંક-૦૯** થી સોગંદ ઉપરની જુબાની વંચાણે લેતાં તેઓ જણાવે છે કે, બનાવને આશરે એકાદ વર્ષ જેટલો સમય થઇ ગયેલ છે, બનાવમાં

તેમની વાડીમાં કોઇ અજાણ્યા ઢોરો પાકમાં નુકસાન કરેલ અને બાજુમાં આ કામના આરોપીઓને જોતાં સામાન્ય બોલાચાલી થયેલી અને જે તે વખતે આવેશમાં આવીને તેઓએ આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ કરેલી જે ફરિયાદીની ખરીનકલ બતાવતા જોઇને કહે છે કે તેમાં તેઓની સહી છે જે તે જ છે જે રજૂ દાખલ આંક-૧૦ આપવામાં આવેલ છે, આ સીવાય કશું બનેલ નહીં, આ કામના આરોપીઓને પહેલેથી જ ઓળખે છે. સદર સાહેદ તેમની જુબાનીમાં રજુ થયેલ ઉપરોક્ત ફરીયાદની હકિકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા, તે મંજુર કરવામાં આવેલ. જેમાં તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા નથી. ત્યારબાદ ફરીયાદીની બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થતા તેઓએ ઉશ્કેરાટમાં ફરિયાદ આપેલ, આરોપીઓએ તેઓને કોઇ ધાકધમકી આપેલ હોય કે પાકમાં નુકસાન કરેલ હોય તેવું બનેલ નથી, પોલીસે ફક્ત મારુ નામ સરનામું પુછેલ અને ફરિયાદ જાતે લખી લીધેલ અને ફરિયાદ વાંચી સંભળાવેલ નહીં અને માત્ર સહી કરેલ.

(૧૧) ત્યારબાદ ફરીયાદપક્ષના **સાહેદ કંચનબેન હંસરાજભાઇ ઠોળીયાની આંક-૧૧ તથા સાહેદ પ્રકાશભાઇ હંસરાજભાઇ ઠોળીયાની આંક-૧૨** થી સોગંદ ઉપરની જુબાની વંચાણે લેતાં તેઓ જણાવે છે કે, બનાવને એકાદ વર્ષ જેટલો સમય થયેલ છે, બનાવમાં તેમની વાડીમાં કોઇ અજાણ્યા ઢોરોએ પાકમાં નુકસાન કરેલ અને બાજુમાં આ કામના આરોપીઓને જોતાં તેની સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી અને જે તે વખતે આવેશમાં આવીને હંસરાજભાઇએ ફરિયાદ આપેલી, પોલીસે તેઓની પુછપરછ કરેલી નથી, આ સીવાય કશું બનેલ નહીં, આ કામના આરોપીઓને પહેલેથી જ ઓળખે છે. સદર સાહેદ ફરીયાદની હકિકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા, તે મંજુર કરવામાં આવેલ. જેમાં તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા નથી. ત્યારબાદ સાહેદની

બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થતા હંસરાજભાઇએ ઉશ્કેરાટમાં ફરિયાદ આપેલ, આરોપીઓએ તેઓને કોઇ ધાકધમકી આપેલ હોય કે પાકમાં નુકસાન કરેલ હોય તેવું બનેલ નથી, પોલીસે ફક્ત મારુ નામ સરનામું પુછેલ અને નીવેદન જાતે લખી લીધેલ અને નીવેદન વાંચી સંભળાવેલ નહીં.

**પુરાવાનું મુલ્યાંકનઃ–**

**(૧૨)** આ કામે આરોપી સામેનો ગુનો ધ્યાને લેતાં ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૨૯૬(ખ), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ તથા ગ્રામ પંચાયત ધારાની કલમ–૧૮૩, ૧૮૪ મુજબનો આક્ષેપ કરેલ છે. સદર ગુનાના આવશ્યક તત્વો ધ્યાને લેતા જે નીચે મુજબ છે.

**ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૯૬(ખ) અશ્લીલ કૃત્યો અને ગીતો બાબતઃ**

જે કોઈ વ્યક્તિ બીજાને ત્રાસ થાય એ રીતે, તેને ત્રણ મહીના સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપિયા સુધીની દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે. કલમ –૨૯૬(ખ) ના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

**કલમ–૨૯૬(ખ) ના આવશ્યક તત્વોઃ**

(૧) આરોપીએ કોઇ જાહેર સ્થળ કે તેની નજીકમાં કોઇ અશ્લીલ ગીત કે કાવ્યો ગાય, સંભળાવે, અશ્લીલ શબ્દો ઉચ્ચારે

**(૧૩)** હવે આ કામે આક્ષેપિત કલમોના તત્વો પુરવાર થાય છે કે કેમ? તે અંગે ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં સૌપ્રથમ ફરીયાદપક્ષ દ્વારા ફરીયાદી હંસરાજભાઇ દેવજીભાઇ ઠોળીયાને આંક–૦૯ થી સોગંદ પર તપાસેલ છે અને જણાવેલ છે કે તેમની વાડીમાં કોઇ અજાણ્યા ઢોરોએ પાકમાં નુકસાન કરેલ અને બાજુમાં આ કામના આરોપીઓને જોતાં સામાન્ય બોલાચાલી થયેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ સદર ફરિયાદી ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતાં ન હોય તેઓને

ફરીયાદપક્ષની વિનંતીથી વિમુખ જાહેર કરેલ. સદર સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો બનાવ સમયે આરોપીઓએ ફરિયાદીને ઈજા કરેલ હોય તેવી પણ કોઈ હકીકત કે કોઇ અશ્લીલ ગાળો આપેલાની હકિકત અત્રેની અદાલતના રેકર્ડ ઉપર આવેલ નથી. એટલું જ નહી પરંતુ બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા સાહેદોની કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં તેમાં પણ તેઓએ જણાવેલ છે કે, બોલાચાલી થતા ઉશ્કેરાટમાં ફરિયાદ આપેલ અને આરોપીઓએ ધમકી આપેલ નથી કે પાકમાં નુકસાન કરેલ નથી. આમ, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ફરિયાદીની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લઈએ તો આરોપીઓ વિરૂદ્ધનો ગુન્હો પુરવાર કરવાના કોઈપણ તત્વો આ સાહેદની જુબાની થકી અત્રેની અદાલતના રેકર્ડ ઉપર આવેલ નથી.

વધુમાં ફરિયાદપક્ષ દ્વારા સાહેદ કંચનબેન હંસરાજભાઇને આંક-૧૧ તથા સાહેદ પ્રકાશભાઈ હંસરાજભાઇને આંક-૧૨ થી સોગંદ પર તપાસેલ છે અને જણાવેલ છે કે તેમની વાડીમાં કોઇ અજાણ્યા ઢોરોએ પાકમાં નુકસાન કરેલ અને બાજુમાં આ કામના આરોપીઓને જોતાં સામાન્ય બોલાચાલી થયેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ સદર સાહેદ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતાં ન હોય તેઓને ફરીયાદપક્ષની વિનંતીથી વિમુખ જાહેર કરેલ. સદર સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો બનાવ સમયે આરોપીઓએ ફરિયાદીને ઈજા કરેલ હોય તેવી પણ કોઈ હકીકત કે કોઇ અશ્લીલ ગાળો આપેલાની હકિકત અત્રેની અદાલતના રેકર્ડ ઉપર આવેલ નથી. એટલું જ નહી પરંતુ બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા સાહેદોની કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં તેમાં પણ તેઓએ જણાવેલ છે કે, બોલાચાલી થતા ઉશ્કેરાટમાં ફરિયાદ આપેલ અને આરોપીઓએ ધમકી આપેલ નથી કે પાકમાં નુકસાન કરેલ નથી. આમ, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ફરિયાદીની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લઈએ તો આરોપીઓ વિરૂદ્ધનો ગુન્હો પુરવાર કરવાના કોઈપણ તત્વો આ સાહેદની જુબાની થકી અત્રેની અદાલતના રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૪) **ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૫૨ સુલેહ ભંગ કરવા**

**ઉશ્કેરવાના ઈરાદાથી અપમાનઃ**

કોઈ વ્યક્તિ ઉશ્કેરાઈ જઈને જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુન્હો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યક્તિ જાહેર સુલેહ શાંતિ નો ભંગ કરશે અથવા કરી બેસશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં, કોઈ વ્યક્તિ ઈરાદા પુર્વક અન્ય વ્યક્તિનું અપમાન કરીને, તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે લગતતી જોગવાઈ આ કલમમાં દર્શાવવામાં આવેલ છે.

સદર કલમના આવશ્યક તત્વો નીચે મુજબ છે,

(૧) આરોપીએ ઈરાદા પુર્વક કોઈ વ્યક્તિ નું અપમાન કર્યું,

(૨) તેમ કરીને આરોપી તે વ્યક્તિ ને ઉશ્કેરવા માંગતી હતી,

(૩) આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યક્તિ જાહેર સુલેહ શાંતિ ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

**(૧૫) ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૫૧ ગુનાહિત ધમકીની સજાઃ-**

કોઈપણ વ્યક્તિ, ગુનાહિત ધમકી આપે તેને ૦૨ વર્ષ સુધીની બે માંથી કોઈપણ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

જો તે ધમકી મૃત્યુ નીપજાવવાની અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય તો અથવા આગથી કોઇ મિલકતનો નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા ૦૭ વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુનો કરવાની હોય અથવા સ્ત્રી ઉપર ચારિત્રય હિનતાનો આક્ષેપ કરવાની હોય તો તેને ૦૭ વર્ષ સુધીની બેમાંથી કોઇ પણ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

ઉપરોક્ત ગુનો સાબિત કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવા જોઇશે.

૧.) આરોપીએ ફરીયાદીને તેના શરીર, મિલકત અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યક્તિમાં હિત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાની ધમકી આપી,

૨.) આવી ધમકી ફરીયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનુનબંધ ન હોય તેવું કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનુની અધિકાર હોય તેવું કૃત્ય ન કરે, તેવા ઈરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નીપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલકતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા ૦૭ વર્ષ સુધીની કેદને સજાને પાત્ર ગુનો કરવા અંગેની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચારિત્રય હિનતાનો આક્ષેપ કરવા અંગેની હતી.

**૧૬)** વધુમાં, આ કામે આરોપીઓ સામે જી.પી.એકટ–૧૩૫ મુજબનો પણ આરોપ છે. હવે, આ કામે જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના સજાનેપાત્ર ગુના સંબંધે ફરીયાદપક્ષના પુરાવાની વિશેષ ચર્ચા કરતા પહેલા નામદાર સુપ્રિમકોર્ટ તથા નામદાર મુંબઈ હાઈકોર્ટના ચૂકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતોને જોવા જરૂરી જણાય છે. **નામદાર સુપ્રિમકોર્ટે બાઈ શાંતા વિ.યુનિયન ઓફ ઈન્ડિયા, (૨૦૦૧(૧) જી.એલ.આર.૨૭૩) તથા નામદાર મુંબઈ હાઈકોર્ટે સ્ટેટ ઓફ બોમ્બે વિ. અજીજખાન (એ.આઈ.આર.૧૯૫૬ બોમ્બે ૬૮૦)** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, "જાહેરનામુ" એટલે "માત્ર કલેકટર કચેરી કે સરકારી કચેરીમાંથી ગેઝેટમાં પ્રસિધ્ધ થાય તે નહી, પરંતુ આવી પ્રસિધ્ધિ સામાન્ય જનમાનસની જાણમાં આવે તે રીતે તેની પ્રસિધ્ધિ થવી જરૂરી છે અને તો જ તેને જાહેરનામાની વ્યાખ્યામાં મૂકી શકાય. જાહેરનામાની નકલ અદાલતમાં રજૂ થયા માત્રથી આવું જાહેરનામુ અસ્તિત્વમાં હતું તેવું માની શકાય, પરંતુ તેનાથી તેની યોગ્ય પ્રસિધ્ધિ(Promolgation) થયેલું ગણી શકાય નહી"

**(૧૬.૧)** આમ, ઉપરોક્ત જણાવ્યા મુજબ ઉપરોક્ત જાહેરનામુ ગેઝેટ પ્રસિધ્ધિ સાથે સામાન્ય જનમાનસના ધ્યાન ઉપર આવે તે રીતે તેની જાહેર પ્રસિધ્ધિ કરવામાં આવેલ હતી તેવી ચોક્કસ હકીકત રેકર્ડ ઉપર લાવવી જોઈએ. આ કામે જી.પી.એક્ટ કલમ–૧૩૫ અન્વયે જાહેરનામુ રજુ કરેલ છે. પરંતુ સદર જાહેરનામું બહાર પાડનાર ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ શાખામાં ફરજ

બજાવતાં કોઈ કર્મચારીને સોગંદ પર તપાસેલ નથી. જે હકીકત જોતાં આરોપીએ ફરીયાદીને ઈજા પહોંચાડ્યાની હકીકત સાબીત થયેલ હોવા માત્રથી આરોપી વિરૂધ્ધ જી.પી.એક્ટ-૧૩૫ મુજબ જાહેરનામું યોગ્ય રીતે પુરવાર થતું નથી.

**(૧૭)** વધુમાં આ કામે બચાવપક્ષની સંમતિથી આંક-૧૩ થી ગુનાવાળી જગ્યાનું પંચનામાની ખરીનકલ, આંક-૧૪ થી હથિયાર કબજે કર્યા અંગે તથા શરીરસ્થિતીના પંચનામાની ખરીનકલ, આંક-૧૫ થી પેનડ્રાઇવ કબજે કર્યાની પંચનામાની ખરીનકલ તથા આંક-૧૬ થી હથિયારબંધીના જાહેરનામાની ખરીનકલ રજુ કરેલ છે. પરંતુ આ કામે અગાઉ કરેલ ચર્ચા મુજબ જાતે ફરીયાદી તથા સાહેદ દ્વારા જ આ કામના આરોપીઓ દ્વારા તેઓને ઈજા પહોંચાડેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી ન હોય, બચાવપક્ષની સંમતીથી રજુ થયેલ દસ્તાવેજો ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**(૧૮)** હાલ ફરિયાદપક્ષે તપાસેલા ફરિયાદીનો પુરાવો ધ્યાને લેતાં, તેઓ આ કામના મહત્વના સાહેદ હોવાછતાં તેઓના પુરાવા ઉપરથી આરોપીઓની સદરહુ ગુનામાં કોઇ સંડોવણી થતી હોવાનું જણાઇ આવતું નથી. આ સંદર્ભે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૧૩૯ ને ધ્યાને લેતાં તેમાં એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે, No Particular number of witnesses shall in any case be required for the proof of any fact.

નામદાર સુપ્રિમકોર્ટે Veer Singh Vs. State of U.P. Cri. Appeal No. 256-257 of 2009, Dt.: 10-12-2013 માં ઠરાવેલ છે કે, ... The weight and quality of Evidence are important rather than quantity Multiplicity or plurality of witness. Evidence must be weighted and not counted as per S. 134 of Evidence Act.

આમ, કેસના નિર્ણય માટે પુરાવાની ગુણવત્તા મહત્વની છે, નહીં કે પુરાવાની સંખ્યા તેવું ઠરાવેલ છે. આજ સંદર્ભે **૧૯૯૬(૨), કરન્ટ ક્રિમીનલ રીપોર્ટર, સતિષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન પાના નં. ૪**

**ના ચુકાદામાં** નામદાર સુપ્રિમકોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે જજને ચોકકસપણે એમ લાગે કે, કેસના સંજોગોને ધ્યાને લેતાં કેસનો અંત સજામાં પરીણમશે નહી ત્યારે કોર્ટનો અમુલ્ય સમય માત્ર પ્રોસીઝર પુરી કરવા વેડફવો નહિ, જેથી આ કામે અન્ય સાહેદોને તપાસવામાં આવશે તો પણ કેસના ગુણદોષમાં કોઈ ફેરફાર થશે નહી.

(૧૯) આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં, ફરીયાદ મુજબનું કૃત્ય આરોપીઓએ ફરીયાદી સાથે આચરેલ હોય તેવો લેશમાત્ર પુરાવો ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી તેની જુબાનીમાં જણાવતા નથી. આમ, સમગ્રરીતે જોતાં, ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, જેથી ઉપરોક્ત કરેલ ચર્ચાઓ મુજબ ફરીયાદપક્ષ આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ – ૨૯૬(ખ), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ તથા ગ્રામ પંચાયત ધારાની કલમ-૧૮૩, ૧૮૪ મુજબના ગુનાનો આક્ષેપ પુરવાર કરી શકેલ ન હોય તે સબબ મુદ્દા નં.૧નો જવાબ "નકાર"માં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ નો જવાબ નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

## **:: આ ખ રી હુ ક મ ::**

(૧) આ કામના આરોપી નં.૧ ભાવેશભાઈ વિરમભાઈ ભુંડીયા, આરોપી નં.૨ ભુરાભાઈ ખેતાભાઈ ભુંડીયા તથા આરોપી નં.૩ વિરમભાઈ રતાભાઈ ભુંડીયા, રહે.બધા-સમઢીયાળા નં.૧, પ્લોટ વિસ્તાર, તા.જિ.બોટાદનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૯૬(ખ), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ તથા ગ્રામ પંચાયત ધારાની કલમ-૧૮૩, ૧૮૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૪૮૧ મુજબ અપીલના કામે હાજર રહેવાની ખાત્રી આપતો છ

માસની સમય મર્યાદા માટેના આરોપીએ રૂ.૫૦૦૦/– ના જામીન અને તેટલી જ રકમનો મુચરકો અત્રેની કોર્ટમાં રજુ કરવો.

(૩) આ કામે મુદ્દામાલ પાવતી નં.૧૧૦/૨૦૨૫ તથા ૧૨૪/૨૦૨૫ માં દર્શાવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખઃ–૦૭મી, માહેઃ–મે, સનેઃ–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળઃ બોટાદ
તારીખઃ–૦૭/૦૫/૨૦૨૬

**(એન. એચ. શેખ)**
એડિ.ચીફ જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટશ્રી
તા.જિ.બોટાદ.
(જી.જે.૦૦૮૬૩)

સી.એમ.નાકિયા
ગુજરાતી સ્ટેનોગ્રાફર